જનજાતિય ગૌરવ દિવસ

માંડવીમાં ખેડપૂર રોડની ભગવાન બિરસા મુંડા પથ તરીકે જાહેરાત



માંડવી : માંડવીમાં ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ વિભાગના રાજ્યમંત્રી ત્રિકમભાઇ છાંગાની અધ્યક્ષતામાં માંડવી ખાતે જનજાતિય ગૌરવ દિનની ઉજવણી કરાઇ હતી આ પ્રસંગે ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ વિભાગના રાજ્યમંત્રી ત્રિકમભાઇ છાંગાએ કહ્યું કે, વર્ષ ૨૦૨૧માં વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ ભગવાન બિરસા મુંડાની જન્મ જયંતીને સમગ્ર દેશમાં 'જનજાતીય ગૌરવ દિવસ' તરીકે ઉજવવાની જાહેરાત કરી હતી. વધુમાં આ પ્રસંગે મંત્રીએ રાજ્ય સરકાર દ્વારા માંડવી તાલુકાના 'માંડવી-ખેડપુર-વરજાખણ રોડ'ના 'ભગવાન બિરસા મુંડા પથ' તરીકે કરાયેલા નામાભિધાન અંગે જાહેરાત કરી હતી.

માંગરોળના મોસાલીમાં મંત્રી ઇશ્વર પટેલ અને ગણપત વસાવા હાજર રહ્યા



વાંકલ : ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતિની ઉજવણી નિમિત્તે સુરત જિલ્લાના માંગરોળ તાલુકાના મોસાલી ચોકડી ખાતે પાણી પુરવઠા વિભાગના મંત્રી ઈશ્વરસિંહ પટેલ તથા ધારાસભ્ય ગણપતસિંહ વસાવાની પ્રેરક ઉપસ્થિતિમાં 'જનજાતીય ગૌરવ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે જિ.પં. ઉપપ્રમુખ ઉમેદભાઇ ચૌધરી, નાયબ જિલ્લા વિકાસ અધિકારી દિવ્યેશભાઇ પટેલ,આદિજાતિ વિભાગના આસિસ્ટન્ટ કમિશનર રાહુલ બારડ, માંગરોળ તા. પં. પ્રમુખ સંગીતાબેન, ઉમરપાડા તા.પં. પ્રમુખ સપનાબેન વસાવા, સુરત જિ.પં.સહકાર સિંચાઇ સમિતિના ચેરમેન સુનીતાબેન, મામલતદારઓ, ટીડીઓ સંગઠન મહામંત્રીઓ, ગ્રામજનો, વિદ્યાર્થીઓ, યુવાઓ સહિત સામાજિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

કુકરમુંડામાં 'ભગવાન બિરસા જનમાર્ગ' નામકરણ કરાયું



કુકરમુંડા : આદિવાસી ક્રાંતિકારી અને ધરતી આબા ભગવાન બિરસા મુંડાજીની 151મી જન્મજયંતિ નિમિત્તે તાપી જિલ્લાના કુકરમુંડા ખાતે વિશેષ પહેલ કરવામાં આવી હતી. ભગવાન બિરસા મુંડાજીને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા તેમજ તેમના સંઘર્ષમય જીવન અને આદિવાસી સમાજ માટેના યોગદાનને યાદગાર બનાવવા કુકરમુંડામાં બિરસા મુંડા બસ સ્ટેશનથી મુખ્ય બજાર સુધીના માર્ગનું નામકરણ 'ભગવાન બિરસા જનમાર્ગ' તરીકે કરવામાં આવ્યું છે.

નેત્રંગમાં કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાની ઉપસ્થિત રહ્યાં



ભરૂચ : ભગવાન બિરસા મુંડાની 15નિમિત્તે ભરૂચ જિલ્લાના નેત્રંગ ખાતે રાજ્યના કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાની ઉપસ્થિતિમાં 'જનજાતીય ગૌરવ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે મંત્રીએ આદિજાતિ વિકાસ વિભાગ હેઠળના રૂ. 37.80 કરોડના માતબર ખર્ચે નિર્માણ પામનાર 'એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલ', ઝઘડિયા વિધાનસભા મતવિસ્તારમાં રૂ. 56.64 લાખના ખર્ચે થનાર વિકાસના 73 કામોનું ખાતમુહૂર્ત અને રૂ.146.6 લાખના ખર્ચે પૂર્ણ થયેલા કુલ 46 વિકાસ કામોનું ઈ-લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

૪૪૫ ખેડૂતોને વન અધિકાર અધિનિયમ હેઠળ જમીનના અધિકાર પત્રો મળ્યા



ચિકદા : ધરતી આબા ભગવાન બિરસા મુંડાજીની ૧૫૧મી જન્મજયંતિ અને જનજાતીય ગૌરવ દિવસ-૨૦૨૬ની ઉજવણી અંતર્ગત દેડિયાપાડા વિધાનસભા વિસ્તારનો કાર્યક્રમ સાંસદ મનસુખભાઈ વસાવાની અધ્યક્ષતામાં જંગલ કામદાર મંડળી, નિવાલ્દાના મેદાન ખાતે યોજાયો હતો. આ પ્રસંગે દેડિયાપાડા, ચીકદા, સાગબારા તાલુકાના આદિજાતિ ખેડૂતોને મહાનુભાવોના હસ્તે વન અધિકાર અધિનિયમ હેઠળ જમીનના અધિકાર પત્રો અને વિવિધ યોજનાના લાભાર્થીઓને લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આજે સમગ્ર જિલ્લામાં જંગલ જમીનના ૪૪૫ અધિકાર પત્રો, ૬૨૬ રેકોર્ડ ઓફ રાઇટ્સ મળી કુલ ૧૦૭૧ લાભાર્થીઓને જમીનના હક્કો આપવામાં આવ્યા હતા.

અંકલેશ્વરમાં કાયદા મંત્રી કૌશિક વેકરિયા રહ્યા ઉપસ્થિત



અંકલેશ્વર: ભગવાન બિરસા મ આજરોજ 151મી જન્મ જયંતી નિમિત્તે અંકલેશ્વરમાં રાજ્યના કાયદા મંત્રી કૌશિક વેકરીયાની ઉપસ્થિતિમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. અંકલેશ્વરમાં ભગવાન બિરસા મુંડાજીની 151મી જન્મજયંતિ નિમિત્તે ભવ્ય ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રાજ્યના કાયદા મંત્રી કૌશિક વેકરીયા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના પ્રારંભે ભરૂચીનાકા સ્થિત ભગવાન બિરસા મુંડાજીની પ્રતિમાને મહાનુભાવોએ ફૂલહાર અર્પણ કરી શ્રદ્ધાંજલિ પાઠવી હતી ત્યારબાદ રેલીનું પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું.

રાજપીપળામાં બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી ખાતે ઉજવણી

રાજપીપળા : ધરતી આબા ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે તા. ૧૫ નવેમ્બર, ૨૦૨૬ના રોજ બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી, રાજપીપળા ખાતે જનજાતીય ગૌરવ દિવસ-૨૦૨૬ની ઉત્સાહભેર અને ગૌરવપૂર્ણ ઉજવણી કરવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન માનનીય કુલપતિ પ્રો. ડો. મધુકર પાડવી, કુલસચિવ પ્રો. ડો. રજનીકાંત પંડ્યા તથા ડો. શીતલબા પરમારના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા સાંસ્કૃતિક સમિતિના કોઓર્ડિનેટર ડો. પંકજ રાઠોડ તથા સમિતિના તમામ સભ્યોએ ઉત્સાહપૂર્વક સહયોગ આપ્યો હતો. કાર્યક્રમનું સુંદર સંચાલન એમ.એસસી. (આઈ.ટી.) સેમેસ્ટર-૧ની વિદ્યાર્થીનીઓ બારિયા અંજુબેન અને શેખ ઇકરાબાનુએ કર્યું હતું.

આમોદ કોર્ટ પાસે બનાવેલા સ્પીડ બ્રેકરે મહિલાનો જીવ લીધો

આમોદ,ભરૂચ : આમોદ કોર્ટ નજીક બનાવવામાં આવેલા જોખમી સ્પીડ બ્રેકરને કારણે બાઇક સવાર દંપતી ફંગોળાતા પત્નીનું મોત થઈ ગયું હતુ.આ ઘટના બાદ તંત્ર હરકતમાં આવ્યું હોવા છતાં, માર્ગ સલામતીના નિયમો થકી સ્પીડ બ્રેકર સરખું કરવાને બદલે માત્ર સફેદ પટ્ટા મારીને માર્ગ અને મકાન વિભાગે સંતોષ માનવો પડયો હતો. વાગરા તાલુકાના વિલાયત ગામના રહીશ સિરાજભાઈ સૈયદ તેમજ તેમના પત્ની સુભાનબીબી સૈયદ શનિવારે બપોરના સમયે પાલેજથી આમોદ તરફ બાઇક પર આવી રહ્યા હતા. આ દરમિયાન માર્ગ સુરક્ષાના નિયમોનો ભંગ કરીને આમોદ કોર્ટ નજીક બનાવેલા સ્પીડ બ્રેકરને કારણે તેઓ બાઇક પરથી નીચે રોડ પર ફંગોળાઈ પત્ની સુભાનબીબી સૈયદનુ મોત નિપજ્યું હતું.આ ઘટના બાદ તંત્ર હરકતમાં આવ્યું હતું અને માર્ગ સલામતીના ધારાધોરણો મુજબ સ્પીડ બ્રેકર સરખું કરવાને બદલે માર્ગ અને મકાન વિભાગે સફેદ પટ્ટા મારીને સંતોષ માન્યો હતો. ઉલ્લેખનીય છે કે,જો અગાઉથી સ્પીડ બ્રેકર પર યોગ્ય રીતે સફેદ પટ્ટા માર્યા હોત તો આવી દુર્ઘટના ટાળી શકાઈ હોત.

સ્યાદલામાં તસ્કરોએ વધુ એક દુકાનને નિશાન પર લીધી

રોકડ રૂ. 10 હજાર સહિત અંદાજે રૂ. 50 હજારનો મુદ્દામાલ ચોરાયો



કીમ:ઓલપાડ તાલુકાનોલીસની હદમાં આવેલા છેવાડાના સ્યાદલા ગામમાં તસ્કરોનો તરખાટ જોવા મળી રહ્યો છે. ગામમાં ચોરીની વધુ એક ઘટના સામે આવતા સ્થાનિકોમાં ચકચાર મચી ગઈ છે. તસ્કરોએ બંધ દુકાનોને નિશાન બનાવી ચોરીની ઘટનાઓને અંજામ આપ્યો હોવાનું જાણવા મળ્યું છે.

મળતી માહિતી મુજબ, સ્યાદલા ગામમાં MD પાન સેન્ટર નામની દુકાનમાં ચોરીની ઘટના બની હતી. આ ઉપરાંત કીમ-સાયણ રોડને અડીને આવેલા રાજમંદિર કોમ્પ્લેક્સમાં શુક્રવારની મોડી રાત્રે બંધ કરિયાણાની દુકાનનું શટર તોડી તસ્કરોએ ચોરી કરી હતી. તસ્કરો દુકાનમાંથી રૂ. 10 હજારની રોકડ રકમ સહિત અંદાજે રૂ. 40 હજારની કિંમતનો સામાન ચોરી ગયા હોવાનું જાણવા મળ્યું છે. આમ, કુલ રૂ. 50 હજાર જેટલા મુદ્દામાલની ચોરીની ઘટના સામે આવી છે.

ચોરીની સમગ્ર ઘટના દુકાનમાં લગાવવામાં આવેલા CCTV કેમેરામાં કેદ થઈ છે. CCTV ફૂટેજમાં તસ્કરોની હરકતો કેદ થતાં તેમની ઓળખ કરવામાં મદદ મળી શકે છે.

સ્યાદલા ગામમાં એક બાદ એક ચોરીની ઘટનાઓ બનતા ગ્રામજનોમાં ભય અને અસુરક્ષાની લાગણી ફેલાઈ છે. ગામમાં રાત્રિ દરમિયાન પોલીસ પેટ્રોલિંગ વધારવામાં આવે તેમજ તસ્કરોને ઝડપી પાડી ચોરીના બનાવો પર અંકુશ લાવવામાં આવે તેવી માંગ ઉઠી રહી

ત્રણ કલાકમાં જલારામના બેનર નહીં ઉતારો તો જેલમાં જશો

ગાંધીનગર સુધી રજૂઆત થતાં પ્રશાસન બેકફૂટ પર

આખરે ગેટ અને બેનરો 'યથાવત' રાખવાનો નિર્ણય



બારડોલી: બારડોલીમાં જલારામ જયંતીના પાવન પર્વ નિમિત્તે લગાવવામાં આવેલા ગેટ અને બેનરો હટાવવા મુદ્દે મોટો વિવાદ સર્જાયો છે. ભાજપના એક સ્થાનિક રાજકીય આગેવાનના ઈશારે પ્રશાસન દ્વારા ધાર્મિક કાર્યક્રમમાં અડચણ ઊભી કરવામાં આવતા જલારામ ભક્તો અને સ્થાનિક નાગરિકોમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, જલારામ જયંતી નિમિત્તે મહાપ્રસાદી વિતરણના આયોજન માટે આચાર્ય તુલસી માર્ગ પર ગેટ અને બેનરો લગાવવામાં આવ્યા હતા. જોકે, આ ધાર્મિક માહોલ કેટલાક રાજકીય માથાઓને ખૂંચતા તેમણે પ્રશાસન પર દબાણ લાવીને બેનરો ઉતારવાના પ્રયાસો શરૂ કર્યા હોવાની ભારે ચર્ચા છે. આક્ષેપ છે કે, બારડોલી પોલીસ ઇન્સ્પેક્ટરે જલારામ મંદિર ટ્રસ્ટના પ્રમુખને પોલીસ સ્ટેશન બોલાવ્યા હતા અને માત્ર ત્રણ કલાકની અંદર ગેટ તથા બેનરો ઉતારી લેવા તાકીદ કરી હતી. એટલું જ નહીં, જો આમ ન થાય તો 'જેલમાં પૂરી દેવાની' કથિત ધમકી પણ આપવામાં આવી હતી.

આ ઘટના બાદ સ્થાનિક સ્તરે મામલો ગરમાયો હતો. જલારામ મંદિર ટ્રસ્ટના પ્રમુખ અને બારડોલી સુગરના ડિરેક્ટર પ્રફુલભાઈ પટેલે તાત્કાલિક અસરથી છેક ગાંધીનગર સુધી ટેલિફોનિક રજૂઆતો કરી હતી. ઉચ્ચ કક્ષાએથી દબાણ આવતાં જ સ્થાનિક પોલીસ અને પ્રશાસન બેકફૂટ પર આવી ગયું હતું અને આખરે ગેટ અને બેનરો યથાવત રાખવાનો નિર્ણય લેવાયો હતો. ગાંધીનગરની દરમિયાનગીરી બાદ આ સમગ્ર મામલો માંડ શાંત પડ્યો હતો અને ભક્તોએ રાહતનો શ્વાસ લીધો હતો.

ભક્તોનો વેધક સવાલ: કોમર્શિયલ ઉત્સવોમાં બેનરો કેમ નથી નડતા?

આ સમગ્ર ઘટનાક્રમ બાદ સ્થાનિકોમાં રાજકારણીઓની બેવડી નીતિ સામે રોષ જોવા મળી રહ્યો છે. લોકો સવાલ ઉઠાવી રહ્યા છે કે જ્યારે કોમર્શિયલ રીતે યોજાતા ગણેશોત્સવ અને નવરાત્રી મહોત્સવ દરમિયાન આખા રસ્તા પર દિવસો સુધી બેનરો અને ગેટની હારમાળા સર્જી દેવામાં આવે છે, ત્યારે આ રાજનેતાઓને તે નડતરરૂપ કેમ નથી લાગતું? માત્ર જલારામ જયંતીના એક દિવસના ધાર્મિક કાર્યક્રમ સામે જ આટલો વિરોધ શા માટે? ફરિયાદ કરનારા લોકો સામે હાલ ભક્તોમાં ભારે રોષ છે.

આમોદમાં ચાલુ કાર્યક્રમમાં જ નાહિયેરના તલાટી ઢળી પડ્યા

જનજાતિ ગૌરવ દિવસના કાર્યક્રમ દરમિયાન બનેલી ઘટના



ભરૂચ : આમોદ ખાતે રવિવારે યોજાયેલા જનજાતિ ગૌરવ દિવસના કાર્યક્રમ દરમિયાન એક કર્મચારીની તબિયત લથડતાં અફરાતફરી મચી ગઈ હતી. આમોદ તાલુકા પંચાયતના કમ્પાઉન્ડમાં કાર્યક્રમ ચાલી રહ્યો હતો તે વેળા નાહિયેર ગામના તલાટીની અચાનક તબિયત લથડી હતી અને તેઓ કમ્પાઉન્ડમાં જ ઢળી પડ્યા હતા. તલાટી કર્મી અચાનક ઢળી પડતાં સ્થળ પર હાજર અધિકારીઓ અને અન્ય કર્મચારીઓમાં ચિંતાનું મોજું પ્રસરી ગયું હતું.

ઘટનાની જાણ થતાં જ તલાટી કર્મીને તાત્કાલિક આરોગ્ય વિભાગની એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આમોદ તાલુકા પંચાયતના કમ્પાઉન્ડમાં જનજાતિ ગૌરવ દિવસની ઉજવણીનો કાર્યક્રમ યોજાયો હતો, જેમાં તાલુકાના અધિકારીઓ અને તલાટી કમ મંત્રીઓ હાજર રહ્યા હતા.

કાર્યક્રમ ચાલી રહ્યો હતો તે દરમિયાન નાહિયેર ગામના તલાટીને અચાનક અસ્વસ્થતા જણાતાં તેમની તબિયત લથડી હતી અને તેઓ તાલુકા પંચાયતના કમ્પાઉન્ડમાં જ ઢળી પડ્યા હતા. તલાટી કર્મી ઢળી પડતાની સાથે જ આસપાસ હાજર સ્ટાફ અને આયોજકો તાત્કાલિક તેમની મદદે દોડી આવ્યા હતા. પ્રાથમિક મદદ બાદ તેમને તાત્કાલિક સારવાર મળી રહે તે માટે આરોગ્ય વિભાગની એમ્બ્યુલન્સ મારફતે હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા.

નિઝરના વેલદા ગામની સીમમાં શેરડીના ખેતરમાં આગ લાગી

ઉભો પાક બળીને ખાક, ખેડૂતને ભારે નુકસાન



કુકરમુંડા : નિઝર તાલુકાના વેલદા ગામની સીમમાં ઉચ્છલ-નિઝર હાઇવેની બાજુમાં આવેલા શેરડીના ખેતરમાં અચાનક આગ લાગવાની ઘટના સામે આવી છે. વીજ તારના તણખાથી આગ લાગી હોવાનું જાણવા મળતાં વીજ કંપનીની કામગીરી સામે સવાલો ઊભા થયા છે. પ્રાપ્ત વિગતો મુજબ, વેલદા ગામની સીમમાં આવેલા શેરડીના ખેતરમાંથી પસાર થતી વીજ લાઇનમાંથી તણખા નીકળતાં અચાનક આગ ફાટી નીકળી હતી. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં શેરડીના ઉભા પાકને પોતાની ઝપેટમાં લઈ લીધો હતો. જેના કારણે ખેતરમાં ઉભેલો શેરડીનો પાક બળીને ખાક થઈ ગયો હતો અને ખેડૂતને મોટું આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે તાપી જિલ્લાના કુકરમુંડા તાલુકા બાદ હવે નિઝર તાલુકામાં પણ DGVCLની વીજ લાઇનોની જાળવણી સામે સવાલો ઊભા થયા છે. ખેતીના પાકને નુકસાન થવાની આવી ઘટનાઓને પગલે ખેડૂતોમાં ચિંતા જોવા મળી રહી છે. ત્યારે વીજ કંપની દ્વારા વીજ લાઇનોની યોગ્ય તપાસ અને જાળવણી કરવામાં આવે તેમજ આગની ઘટનામાં નુકસાન ભોગવનાર ખેડૂતને યોગ્ય વળતર ચૂકવવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે.

॥ જય માતાજી ॥ ॥ શ્રી ગણેશાય નમઃ ॥ ॥ ૐ સાંઈરામ ॥

શ્રી ગોવિંદાશ્રમ ટ્રસ્ટ સંચાલિત શ્રી અંબિકાનિકેતન મંદિર, સરદારબાગ બારડોલીના

વિ.સં. ૨૦૮૩ તથા દિપાવલી-૨૦૨૬ નાં

દિવાળી તથા નૂતન વર્ષાભિનંદનની હૃદયપૂર્વક શુભેચ્છા

દિનેશ સી. દેસાઈ (પ્રમુખ-ટ્રસ્ટી) | દુષ્યંતભાઈ સી. પટેલ (મેનેજીંગ ટ્રસ્ટી)
ભાવેશ પી. પટેલ (મંત્રી-ટ્રસ્ટી) | જયેશ એ. પટેલ (ટ્રસ્ટી)
ઘનસુખ બી. પટેલ (ટ્રસ્ટી) | પંકજ વી. જોષી (ટ્રસ્ટી)

શ્રી પ્રેમજીભાઈ નાથાભાઈ પટેલ (ભાલાળા) સિનિયર સિટીઝન ક્લબ,બારડોલી

''દિવાળી તથા નૂતન વર્ષાભિનંદન''

૨૦૨૬ ની શુભેચ્છા

ભાણાભાઈ એમ. તળાવીયા (ઉપપ્રમુખ) | દિનેશ સી. દેસાઈ (પ્રમુખ-ટ્રસ્ટી) | અજયકુમાર એચ. શુક્લ (મંત્રી-ટ્રસ્ટી)
વિજયકાંત એસ. શેઠ (સહમંત્રી) | પંકજકુમાર વી. જોષી (ટ્રસ્ટી) | દુષ્યંતભાઈ સી. પટેલ (ટ્રસ્ટી)
પ્રવિણ બી. કાપડીયા (ખજાનચી) | કમલેશભાઈ જી. ખેર (ટ્રસ્ટી) | અજીતભાઈ એસ. ચૌહાણ (ટ્રસ્ટી)
પ્રમુખ : બારડોલી નગરપાલિકા (કાયમી ટ્રસ્ટી)

કારોબારી સમિતિ સભ્યો, જન્મદિન ઉજવણી સભ્યો તથા સિનિયર સિટીઝન ક્લબ સભ્યો

ADITYA BIRLA CELLULOSIC FIBRES

DEEPAWALI GREETINGS

Birla Cellulose | ADITYA BIRLA CELLULOSIC FIBRES

BIRLA CELLULOSIC
Birladham, Kharach, Kosamba (E.S.),
Dist. Bharuch (Gujarat)-394 120
Tel: 02646 270001-5, 270301-5

liva by birla cellulose natural fluid fashion

"LIVA" Fabric - Natural Fluid Fashion

"LIVA" is a leading Fashion Fabric Brand from Aditya Birla Group. The Fabric has a sense of comfort and vast versatility.

liva eco VISCOSE | liva reviva | liva eco MODAL | liva eco LYOCELL | spunshades by Birla Cellulose

Milano MULTIPLEX
બારડોલી
Ramayana: part 1
10:00am, 11:00am,
01:00pm, 02:00pm,
03:00pm, 05:00pm,
06:00pm, 08:00pm,
09:00pm, 10:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333

ખેતીની જમીનની વેચાણ અંગેની જાહેર નોટીસ

નીચે જણાવેલ સુરત ડિસ્ટ્રીકટ, સબ ડિસ્ટ્રીકટ બારડોલીના મોજે વડોલીની ખેતીની જમીન જેનો ખાતા નં. 54, બ્લોક નં. 120, ગા.ન.નં. 7 મુજબનું ક્ષેત્રફળ જરાયત હે.આરે.ચો.મી. 3-71-30, પો.ખ. મારગ હે.આરે.ચો.મી. 0-09-11 મળી કુલ ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. 3-80-41, આકાર રૂ. 51.31 ના રેવન્યુ રેકર્ડે હમારા અસીલ શ્રીમતી મમતાબેન તે નટવરભાઈ પટેલની દીકરી અને પંકજભાઈ પટેલની ઘણીયાણી, રહે. મામાવાળું ફળીયું, મુ. તુંડી, તા. પલસાણા, જી.સુરત તે હાલ રહે, 50, HOLCOT CLOSE, WELLINGBOROUGH, NN8 5FL, U.K. નું નામ ચાલી આવેલ છે. તેઓ ખરા માલીક અને કબજેદાર ચાલી આવેલા હોવાનું જણાવી તથા તેઓને સદરહુ મિલકત અંગે હરકોઈ રીતનો વહીવટ અને વ્યવસ્થા કરવાનો અધિકાર, ટાઈટલ ક્લીયર હોવાનું જણાવી તેઓએ વેચાણ આપવાનું નક્કી કરેલ છે. જેથી જાહેર જનતાને જણાવવાનું કે સદરહુ મિલકત બાબતમાં કોઈપણ બેંક, સંસ્થા યા વ્યકિતનો ચાર્જ, બોજો કે લિયન યા અન્ય કોઈ પ્રકારનો હક, હિત, હિસ્સો કે દર-દાવો, કબજામાં, હિત-સંબંધ, સાટાખત, બાનાખત, સંમતી પત્રક, કબુલાત, સોદા-ચિઠ્ઠી, બાંહેધરી ખત, ગીરોખત, કોઈના રસ્તા વપરાશના ઈઝમેન્ટના હક્કો, અધિકાર હોય તો દિન-૭ની મુદતમાં પુરાવા સહિત લેખિત જાણ કરવી. મુદત વિત્યે કોઈનો હક, હિત નથી એમ માની અથવા તો તેવા તમામ હકો તેઓએ જતા કર્યા યાને વેવ કર્યા હોવાનું માની હમારા અસીલ પાકા રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અંગેની કાર્યવાહી ટૂંક સમયમાં પૂર્ણ કરાવી લેશે અને ત્યારબાદ કોઈની તર-તકરાર, દર-દાવા કે વાંધા-વચકાને અવકાશ રહેશે નહીં, જેની જાહેર જનતાએ નોંધ લેવી.
તા.16-11-2026.

Add. : UG-4, UG-5, 1st Floor, B/H Jana Small Finance Bank, Shreejii Complex, Near Old Court, Bardoli, Ta. Bardoli, Dist. Surat.
Mo. 87801 00811, 84605 64232

PARIKH ASSOCIATES
Dipen V. Parikh
(Advocate)

Shree Narmada Aluminium Industries Limited
Registered Office: 95/1, Bharuch Palej Road, Bholav, Dist. Bharuch.Gujarat-392 001
Tel: 912642260624 E-mail : nalexbh@@yahoo.co.in CIN :L91110GJ1981PLC004269

UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER AND HALF YEAR ENDED 30TH SEPTEMBER 2026

(Rs. in Lakhs)

Particulars	Quarter ended			Half Year Ended		Year ended
	30.09.26	30.06.26	30.09.25	30.09.26	30.09.25	31.03.26
	Un-audited	Un-audited	Un-audited	Un-audited	Un-audited	Audited
Income from operations	-	-	-	-	-	-
Profit for the period	(2.10)	0.60	15.43	(1.50)	(16.75)	(68.39)
Exceptional Items	(15.00)			(15.00)		
Profit for the period	(17.10)	0.60	(15.43)	(16.50)	(16.75)	(68.39)
Remeasurement of the defined benefit plan	-			-	-	-
Total Comprehensive Income	17.10	0.60	15.43	(16.50)	(16.75)	(68.39)
Paid-up equity share capital	52.96	52.96	52.96	52.96	52.96	52.96
Earning per share (Basic + Diluted)	(3.28)	0.12	(2.96)	(3.17)	(3.22)	(13.13)

Note :- The above extract Financial Results for the quarter and nine months ended 30.09.2026 filed with the stock exchange under Regulation 33 of the Sebi (LODR) Regulation 2015. The full formate of the same along with the notes are available on the web site of the stock exchange as www.bseindia.com and company website www.snailbh.in

For and on behalf of Board of Directors

Mumbai
Date :- 14/11/2026

Kantilal B Patel
Chairman & M.D- CEO

Milan R Patel
Director and CFO